Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના" હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા જનરલ સર્જરી અને ENT સર્જરી ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ પાંચમ શનિવાર ૧૮ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૨૭

પાનાં ૧૦+૧૨ કિંમત ₹ ૫.૦૦

# બુલેટ ટ્રેનમાં વિલંબ પાછળ ભારત જ જવાબદાર: જાપાનના પૂર્વ મંત્રી

**પૂર્વ** ન્યાય મંત્રી હિદેકી માકિહારાએ પ્રોજેક્ટ અટકવા માટે ભારતને 100% જવાબદાર ગણાવ્યું

**કરારોમાંથી** પાછળ હટવા અને સૌથી મહત્વપૂર્ણ સુરક્ષા સિગ્નલિંગ સિસ્ટમમાં જાપાનને સામેલ ન કરવાનો દાવો

**બંને** દેશો વચ્ચે વાતચીત યોગ્ય રીતે ચાલુ અને પ્રોજેક્ટ પ્રગતિ પર: ભારતીય વિદેશ મંત્રી

**નવી દિલ્હી, તા. 17:** ભારતના બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં વિલંબ થવા અંગે જાપાનના પૂર્વ ન્યાય મંત્રી હિદેકી માકિહારાએ ભારત પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે સોશિયલ મીડિયા એક્સ પર એક જાપાની સમાચાર સંસ્થાનો લેખ શેર કરીને દાવો કર્યો હતો કે પ્રોજેક્ટ મોડો પડવા પાછળ 100 ટકા જવાબદારી સંપૂર્ણપણે ભારતીય પક્ષની છે. માકિહારાએ ભારતીય મંત્રી અને અધિકારીઓ પર કરારોથી વારંવાર પાછળ હટવાનો, પોતાના સ્વાર્થ પૂરા કરવાનો અને વાટાઘાટોમાં અત્યંત બેદરકારીભર્યું વલણ દાખવવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે સુરક્ષા માટે અત્યંત મહત્વપૂર્ણ એવી સિગ્નલિંગ સિસ્ટમમાંથી જાપાનને બાકાત રાખવામાં આવ્યું છે. જાપાની રેલવે એન્જિનિયર ઈસાઓ ત્સુજીમુરાના એક લેખ બાદ માકિહારાની આ ટિપ્પમી આવી છે.લેખમાં ઈસાઓએ દાવો કર્યો હતો કે આ પ્રોજેક્ટ મૂળ જાપાની શિન્કાનસેન મોડલથી ભટકી ગયો છે. માકિહારાએ ઉમેર્યું કે જુલાઈ 2026માં જાપાનનાં વડા પ્રધાન સાને તાકાઈચીની ભારત મુલાકાત છતાં આ પ્રોજેક્ટ અંગે કોઈ સ્પષ્ટ સકારાત્મક પરિણામ આવ્યું નથી. આ આક્ષેપોને લઈને વિપક્ષી નેતા

...અનુસંધાન પાના 5 પર



## બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં મોટો ફેરફાર: જાપાનીઝના બદલે ભારતની 'સ્વદેશી ટ્રેન'થી શરૂ થશે

**જાપાનની નવી શિન્કાનસેન ટ્રેનો 2030 સુધીમાં મળશે**

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની શરૂઆત જાપાનીઝ ટ્રેનના બદલે ભારતની સ્વદેશી હાઈ સ્પીડ ટ્રેન સાથે કરવામાં આવશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે જણાવ્યું છે કે ભારત અને જાપાન વચ્ચે પ્રોજેક્ટ અંગેની વાતચીત ખૂબ જ સારી રીતે આગળ વધી રહી છે. જાપાનની આગામી પેઢીની ઈ-10 સીરીઝની શિન્કાનસેન ટ્રેનો હાલમાં વિકાસના તબક્કામાં હોવાથી તે ભારતને વર્ષ 2030ના શરૂઆતના વર્ષોમાં મળશે. દરમિયાન પ્રોજેક્ટની પ્રથમ સેક્શન ઓગસ્ટ 2027માં શરૂ થવાની હોવાથી, બંને દેશોએ શરૂઆતની કામગીરી ભારતીય હાઈ સ્પીડ ટ્રેન સાથે કરવા પર સહમતી વ્યક્ત કરી છે. આ માટે ભારતે બેંગલુરુના આદિત્ય પ્લાન્ટ ખાતે બીઈએમએલ દ્વારા દેશની પ્રથમ સ્વદેશી બુલેટ ટ્રેન 'બી28' (ભારત) માર્ચ 2027 સુધીમાં તૈયાર કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ સંપૂર્ણ એર-કન્ડિશન્ડ ચેર કાર ટ્રેનની ઓપરેશનલ સ્પીડ 250 કિલોમીટર પ્રતિ કલાક હશે, જેમાં ફરતી સીટો અને આધુનિક ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ જેવી સુવિધાઓ મળશે.

### ભારતે માકિહારાના દાવાને ફગાવ્યો


બીજી તરફ, ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે આ તમામ આરોપોને સખત શબ્દોમાં ફગાવી દેતા જણાવ્યું છે કે આ માત્ર એક વ્યક્તિગત અભિપ્રાય છે જે વાસ્તવિક હકીકતોથી તદ્દન અલગ છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ભારત અને જાપાન વચ્ચે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર વાતચીત ઘણી સારી રીતે આગળ વધી રહી છે. જાપાનની ઈ-10 શિન્કાનસેન ટ્રેન સીરીઝ હજુ પણ વિકાસના તબક્કામાં છે અને તેની સપ્લાય 2030ના શરૂઆતના વર્ષોમાં થશે. આથી, બંને દેશોએ પરસ્પર સંમતિથી નિર્ણય લીધો છે કે ઓગસ્ટ 2027માં શરૂ થનારા સુરત અને બિલીમોરા વચ્ચેના પ્રથમ સેક્શન પર ભારતીય હાઈ સ્પીડ ટ્રેન દ્વારા જ પ્રારંભિક કામગીરી શરૂ કરવામાં આવશે. સિગ્નલિંગ સિસ્ટમ અંગે તેમણે સ્પષ્ટતા કરી કે આ સાધનો આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર ઓર્ડર કરવામાં આવ્યા છે અને આ સંદર્ભમાં જાપાન તરફથી કોઈ ઓફર મળી ન હતી.

**વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ટ્રેનને મેક ઇન ઇન્ડિયાનું સફળ ઉદાહરણ ગણાવ્યું**

# મોદીએ દેશની પ્રથમ હાઇડ્રોજન ટ્રેનને લીલી ઝંડી બતાવી

**જીંદથી** સોનીપત વચ્ચેનું 89 કિલોમીટરનું અંતર 2 કલાકમાં કાપશે, 12 સ્ટેશનો પર ઊભી રહેશે

**ભારત** હાઇડ્રોજન ટ્રેન ધરાવતા વિશ્વના ગણતરીના દેશોના વિશેષ જૂથમાં સામેલ



**જિંદ (હરિયાણા), તા. 17 (PTI):** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હરિયાણાના જીંદથી સોનીપત વચ્ચે દેશની પ્રથમ હાઇડ્રોજનથી ચાલતી ટ્રેનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું અને તેને મેક ઇન ઇન્ડિયા અભિયાનનું એક સફળ ઉદાહરણ ગણાવ્યું હતું. આ સાથે ભારત હાઇડ્રોજન ટ્રેન ચલાવતા વિશ્વના ગણતરીના દેશોના જૂથમાં સામેલ થઈ ગયું છે. વડાપ્રધાને આ પ્રસંગે 14700 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટનું લોકાર્પણ અને શિલાન્યાસ પણ કર્યો હતો. પશ્ચિમ એશિયામાં યુદ્ધના કારણે તેલ સંકટ હોવા છતાં ભારતની રેલવે અને વિકાસની ગતિ અટકી નથી તેમ પીએમ મોદીએ જણાવ્યું હતું. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ દિવસને ઐતિહાસિક ગણાવતા કહ્યું કે હાલ આ ટ્રેનનું પરીક્ષણ સોનીપત-દિલ્હી વચ્ચે ચાલી રહ્યું

...અનુસંધાન પાના 5 પર

### આ ટેકનોલોજીનો ઉપયોગ કરતા અન્ય દેશો

વિશ્વમાં જર્મની, જાપાન, ચીન અને અમેરિકા પણ આ ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે. જર્મનીએ વિશ્વની પ્રથમ હાઇડ્રોજન પેસેન્જર ટ્રેન શરૂ કરી હતી, જેણે ઈંધણ ભરાવ્યા વિના 1175 કિલોમીટરની સફરનો રેકોર્ડ બનાવ્યો છે. જાપાન વર્ષ 2027ના અંત સુધીમાં પોતાની પ્રથમ હાઇડ્રોજન હાઇબ્રિડ ટ્રેન હિબારી શરૂ કરશે, જ્યારે અમેરિકાના કેલિફોર્નિયાએ વર્ષ 2024માં ઝેમુ નામની પોતાની પ્રથમ હાઇડ્રોજન ટ્રેન રજૂ કરી હતી.

## 10 ડબ્બાની ટ્રેન: 75 km/hની મહત્તમ ઝડપ



* 10 ડબ્બા ધરાવતી આ ટ્રેનસેટને 1,200 કિલોવોટની હાઈડ્રોજન-ફ્યુઅલ-સેલ-પ્રોપલ્ઝન સિસ્ટમ દ્વારા પાવર આપવામાં આવશે.
* આ ટ્રેન મહત્તમ 75 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડશે.
* હાઈડ્રોજન લીકેજ અને અસામાન્ય ગરમીને પકડવા માટે ટ્રેન અને રિફ્યુઅલિંગ પ્લાન્ટ ખાસ ઉપકરણોથી સજ્જ છે, જેમાં કોઈ વ્યક્તિની પ્રતિક્રિયાની રાહ જોયા વિના આપમેળે હાઈડ્રોજન સપ્લાય બંધ કરી શકે તેવી ઓટોમેટિક શટ-ઓફ સિસ્ટમ લગાવવામાં આવી છે.
* પાયલોટની કેબિન ખાસ કરીને વ્યક્તિની સુરક્ષા જાળવી રાખવા

...અનુસંધાન પાના 5 પર



## ખાંડની ગભરાટભરી ખરીદી નહીં કરવા ખાંડ મંડળીઓની વિનંતી

**નવી દિલ્હી, તા. 17 (PTI):** ખાંડ ઉદ્યોગની સંસ્થાઓ 'ઈસ્મા' (ISMA) અને 'એનએફસીએસએફ' (NFCSF) એ શુક્રવારે જણાવ્યું હતું કે દેશમાં ખાંડનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. આ સાથે જ તેમણે તાજેતરમાં વધેલા ભાવો વચ્ચે સંસ્થાગત ખરીદદારો તેમજ જથ્થાબંધ અને છૂટક વેપારીઓને સટ્ટાકીય ખરીદીથી દૂર રહેવા જણાવ્યું છે. 'ઈન્ડિયન સુગર એન્ડ બાયો-એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિએશન'(ISMA) અને 'નેશનલ ફેડરેશન ઓફ કોઓપરેટિવ સુગર ફેક્ટરીઝ લિમિટેડ' (NFCSF) એ એક સંયુક્ત નિવેદનમાં તમામ હિતધારકોને ખાતરી આપી છે કે, ભારતમાં ખાંડની ઉપલબ્ધતા સાનુકૂળ છે અને દેશની આંતરિક વપરાશની જરૂરિયાતોને આરામથી પૂરી કરવા માટે પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. તેમણે ઉમેર્યું હતું કે સ્થાનિક ખાંડ બજારમાં ગભરાટમાં આવીને ખરીદી કરવા કે સટ્ટાકીય વેપાર કરવા પાછળ કોઈ વ્યાજબી કારણ નથી. ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા એકત્રિત

...અનુસંધાન પાના 5 પર

# PoKમાં મોટો ફેરફાર: ગિલગિટ-બાલ્ટિસ્તાનને પાંચમું રાજ્ય જાહેર કરવા પાકિસ્તાનનો પેંતરો

**ગિલગિટ-**બાલ્ટિસ્તાનને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા વિનંતી કરતો ઠરાવ સ્થાનિક વિધાનસભામાં પસાર, PoKમાં અશાંતિ વચ્ચે નોંધપાત્ર ઘટના

**સંસદની** મંજૂરી મળતા PoKનો આ પ્રદેશ પાકિસ્તાનનું પાંચમુ રાજ્ય બની શકે

**મુઝફ્ફરાબાદ, તા. 17:** પાકિસ્તાને શુક્રવારે પાકિસ્તાન-અધિકૃત કાશ્મીર(PoK)માં આવેલા ગિલગિટ-બાલ્ટિસ્તાનને તેના પાંચમા રાજ્ય તરીકે સત્તાવાર રીતે જાહેર કરવા તરફ એક પગલું આગળ વધાર્યું છે. આ વિસ્તારની વિધાનસભાએ બંધારણીય માન્યતા મેળવવા માટે સર્વસંમતિથી પ્રસ્તાવ પસાર કર્યો છે. જો પાકિસ્તાનની સંસદ દ્વારા આને મંજૂરી આપવામાં આવે અને બંધારણીય સુધારાઓ દ્વારા તેને સમર્થન મળે, તો આ પગલું ઈસ્લામાબાદના વહીવટી અભિગમમાં મોટો ફેરફાર લાવશે અને જમ્મુ-કાશ્મીરના લાંબા સમયથી ચાલી આવતા વિવાદમાં વધુ એક નવું સ્તર ઉમેરશે.

આ પ્રસ્તાવ ફેડરલ સરકારને પાકિસ્તાનના બંધારણમાં સુધારો કરવા અને ગિલગિટ-બાલ્ટિસ્તાનને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા વિનંતી કરે છે. તે પાકિસ્તાનની નેશનલ એસેમ્બલી અને સેનેટમાં પણ આ પ્રદેશ માટે પ્રતિનિધિત્વની માંગ કરે છે. ગિલગિટ-બાલ્ટિસ્તાનના લોકોને પણ પાકિસ્તાનના અન્ય રાજ્યોના નાગરિકોની જેમ જ બંધારણીય, રાજકીય અને લોકતાંત્રિક અધિકારો મળવા જોઈએ, જેમાં નેશનલ એસેમ્બલી, સેનેટ અને અન્ય ફેડરલ બંધારણીય સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ શામેલ છે. સંબંધિત લોકોની ઈચ્છાઓ અને પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ

...અનુસંધાન પાના 5 પર


# વેસ્ટ ઈન્ડીઝના દિગ્ગજ ઓલરાઉન્ડર સર ગારફિલ્ડ સોબર્સનું નિધન

**વેસ્ટઇન્ડિઝ** વતી 93 ટેસ્ટ રમનારા સોબર્સે બાર્બાડોસમાં તેમના ઘરે 89 વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા

**ટેસ્ટ** બેટ્સમેન તરીકે ઉત્કૃષ્ટ સોબર્સ સારા સ્પિનર હોવા ઉપરાંત અસાધારણ ફિલ્ડર પણ હતા

**બ્રિજટાઉન (બાર્બાડોસ), તા. 17 :** વેસ્ટ ઈન્ડીઝના દિગ્ગજ ઓલરાઉન્ડર સર ગેરી સોબર્સનું 89 વર્ષની વયે બાર્બાડોસમાં તેમના ઘરે અવસાન થયું છે. 28 જુલાઈના રોજ 90 વર્ષના થનારા બાર્બાડિયન દિગ્ગજે 1954 થી 1974 વચ્ચે વેસ્ટ ઈન્ડિઝનું 93 ટેસ્ટમાં પ્રતિનિધિત્વ કર્યું હતું. સર ગારફિલ્ડ સોબર્સના નિધન સાથે ક્રિકેટે શુક્રવારે તેના સૌથી પ્રતિષ્ઠિત અને મહાન સ્ટારમાંથી એક ગુમાવ્યો. વેસ્ટ ઈન્ડીઝના

...અનુસંધાન પાના 2 પર



**વાંગચુકની ભૂખ હડતાળ અને બગડતી તબિયત અંગે આમિરે ચિંતા વ્યક્ત કરી નૈતિક સમર્થન આપ્યું; સહ-અભિનેતા ઓમી વૈદ્યના દાવાને ફગાવ્યો**

# '3 ઈડિયટ્સ'ના ફુન્સુખ વાંગડુનું પાત્ર સોનમ વાંગચુક પર આધારિત નથી: આમિર

**જ્યારે** ફિલ્મ લખાતી હતી ત્યારે અમારી પાસે સોનમ વાંગચુક વિશે કોઈ માહિતી ન હતી



**નવી દિલ્હી, તા. 17:** બોલિવૂડ અભિનેતા આમિર ખાને એ વાતને સખત શબ્દોમાં નકારી કાઢી છે કે 2009ની તેની પ્રખ્યાત ફિલ્મ 3 ઈડિયટ્સનું પાત્ર ફુન્સુખ વાંગડુ લદાખના શિક્ષણ સુધારક સોનમ વાંગચુકના જીવન પર આધારિત હતું. એક જાહેર કાર્યક્રમમાં આમિરે સ્પષ્ટ કર્યું કે જ્યારે આ ફિલ્મ બની રહી હતી ત્યારે તે કે ફિલ્મના લેખકો વાંગચુક વિશે કંઈ જાણતા ન હતા. જોકે, તેણે હાલમાં અનિશ્ચિત મુદતની ભૂખ હડતાળ પર બેઠેલા વાંગચુકને પોતાનું નૈતિક સમર્થન આપ્યું હતું અને તેમના બગડતા સ્વાસ્થ્ય અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી.

આમિરે જણાવ્યું કે, આ એક ગેરસમજ છે. જ્યારે ફિલ્મ લખાતી હતી ત્યારે અમારી પાસે સોનમ વાંગચુક વિશે કોઈ માહિતી ન હતી. તેમ છતાં, વાંગચુક જે કામ કરી રહ્યા

...અનુસંધાન પાના 2 પર

### આમિરના દાવા વચ્ચે વાંગચુકનો જૂનો વીડિયો વાયરલ થયો

**નવી દિલ્હી.** સોનમ વાંગચુકને વર્ષ 2009માં ઓળખતા ન હોવાના આમિર ખાનના તાજેતરના નિવેદન બાદ, સોનમ વાંગચુકનો એક વર્ષો જૂનો વીડિયો સોશિયલ મીડિયા પર ફરી વાયરલ થયો છે. આ વીડિયોમાં વાંગચુક વર્ષ 2008માં આમિર ખાન સાથે થયેલી તેમની મુલાકાતને યાદ કરતા જોવા મળે છે. વાંગચુકનો આ વીડિયો વર્ષ 2008ના એક એવોર્ડ સમારોહનો છે, જ્યાં તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ વીડિયોમાં વાંગચુક આમિરને મળવાની પુષ્ટિ કરે છે અને તેમની વચ્ચે ભારત-પાકિસ્તાન સરહદ વિવાદ, સિયાચીન સરહદ અને આમિરની ફિલ્મ તારે ઝમીન પર વિશે ચર્ચા થઈ હોવાનું જણાવે છે. 3 ઈડિયટ્સ વિશે વાંગચુકે જણાવ્યું કે ડિસેમ્બર 2009માં ફિલ્મ રીલીઝ થયા પછી તેમને મિત્રોના ફોન આવ્યા ત્યારે જ તેમને આ ફિલ્મ વિશે ખબર પડી હતી.

...અનુસંધાન પાના 5 પર

### આમિરના નિવેદનથી વિવાદ: રાજકીય અને સોશિયલ મીડિયામાં આકરા પ્રહાર

**નવી દિલ્હી.** સોનમ વાંગચુક 3 ઈડિયટ્સ ફિલ્મના પાત્ર માટે પ્રેરણાસ્ત્રોત ન હોવા અંગે આમિર ખાનના નિવેદનથી રાજકીય અને સોશિયલ મીડિયા પર ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. કેટલાક લોકોએ અભિનેતા પર આરોપ લગાવ્યો છે કે તે હાલમાં ભૂખ હડતાળ પર બેઠેલા શિક્ષણવિદથી અંતર જાળવી રહ્યો છે. પત્રકારોના એક પ્રશ્નનો જવાબ આપતા આમિરે કહ્યું કે 2009ની આ સુપરહિટ ફિલ્મ બનાવતી વખતે તે કે દિગ્દર્શક રાજકુમાર હીરાણી વાંગચુકને ઓળખતા ન હોતા. જોકે વાંગચુક જે કામ કરી રહ્યા છે તે સારું છે. વાંગચુકની ભૂખ હડતાળ અંગે આમિરે ચિંતા વ્યક્ત કરી અને તેઓ જલ્દી ઉપવાસ પૂરા કરે તેવી આશા વ્યક્ત કરી હતી. વરિષ્ઠ કોંગ્રેસ નેતા હુસૈન દલવાઈએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે આમિર આટલા ડરી કેમ ગયા છે અને તેમણે વાંગચુકને

...અનુસંધાન પાના 5 પર

### તા. ૧૭-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | ૧૩.૦ મીમી | ૮૦૯.૦ મીમી |

| ઉકાઈ | સપાટી આજની | આઉટફ્લો |
|---|---|---|
| | ૩૧૩.૨૫ ફૂટ | ૬૯૯૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૨.૦ સે. | ૨૬.૬ સે. | ૯૪% |

